જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા..૫/૧૦/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૦૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી અને ૩૩ વ્યક્તિઓને ઝડપી ૮૧ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૯૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૦૦૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૦૦૩/૧૫**

**નવરંગપુરા:** બાપુનગર વિસ્તારમાં રહેરી ૨૭ વર્ષની યુવતીએ તા.૪/૧૦/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા પોણા ચાર વર્ષથી આજ દીન સુધીના સમયગાળા દરમ્યાન લગ્નની લાલચ આપી આરોપી (૧) કમલેશ સરગરા ઉર્ફે અક્ષય રાજપુત (આકાશગંગા સોસાયટી સવગણનગરની બાજુમાં રબારી કોલોની રોડ અમરાઈવાડી) એ લગ્ન કરવાની લાલચ આપી બીજા પાંચ વ્યક્તિઓની મદદગારીથી નવરંગપુરા સી.જી.રોડ ખાતે ગોલ્ડ શોક વિલ્ડીંગમાં આવેલ એરટેલ/આઈડીયા કનેક્શની ઓફીસ તથા સોનીની ચાલી પાસે આવેલ કમલ પેલેસ હોટલમાં લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૨૦૦૪/૧૫**

**સેટેલાઇટ :** દીપકભાઈ દીનેશભાઈ શાહ (ઉ.વ.૪૯)(રહે.પ્રાર્થના વિહાર સોસાયટી, માણેકબાગ પોસ્ટ ઓફીસ સામે, આંબાવાડી) એ તા.૫/૧૦/૧૫ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૦/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૫/૧૦/૧૫ સવારનાં ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના ઘરનાં પહેલા માળની બેડરૂમની બારીનો સળીયો કાઢી, બેડરૂમમાં પ્રવેશ કરી લાકડાનાં કબાટનાં દરવાજાનું લોક તોડી, ડ્રોઅરનાં અલગ-અલગ પાઉચમાં મુકેલ સોનાનાં અને ડાયમંડનાં દાગીના તથા રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મસી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૦૫/૧૫</u>**

**ખોખરાઃ** મનોજભાઈ ઉમરાવભાઈ કોષ્ટી (રહે.નવજ્યોતિ સોસાયટી લક્ષ્મીનારાયણ ચાર રસ્તા પાસે ખોખરા) એ તા.૪/૧૦/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૯/૧૫ રાતના ૯/૪૫ થી ૯/૫૫ વાગ્યા દરમ્યાન ખોખરા ઈલાજ ક્રોસીંગ સામે પલ્લવ હોસ્પીટલની બાજુમાં આવેલ મુર્ગા મેડીકલની સામે પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકીમાંથી અજાણી વ્યક્તિ મનોજભાઈની નજર ચુકવી રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- સાથેની થેલીની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ચંદ્રસિહ માનાભાઈ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૦૬/૧૫</u>**

**સરખેજ :** ગફુરજી મોડડજી ઠાકોર (રહે.સત્યાગ્રહ છાવણી, રામદેવનગર, સેટેલાઇટ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧૦/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે આંબલી રોડ સેન્ટોપાર્ક રોડ ઉપરથી પોતાના પિતરાઇ ભાઇ રમેશભાઇ ઇશ્વરભાઇ ઠાકોર (ઉ.વ.૩૦) પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન હોન્ડા સી.વી.આર. કાર નંબર જીજે.૧.આર.સી.૮૦૦૪ ના ચાલકે કારને પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, રમેશભાઇને ટક્કર મારતાં, માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)